સ. મ. પ્રે. ગાં. (એચ)-૫૧૫-૧૫૦૦-૭-૯૩.

**સીધી ભરતીની નિમણૂંકોના કેસોમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના જે ઉમેદવારો પસંદગીમાં ગુણવત્તામાં આવતા હોય તે ઉમેદવારોને તેમની અનામત જગ્યાઓ સામે નહીં ગણતાં બિન અનામત જગ્યાઓ સામે ગણી, તે વર્ગો માટેની અનામતની ટકાવારી તે ઉપરાંત લાગુ પાડવા બાબત.**

ગુજરાત સરકાર,

સામાન્ય વહીવટ વિભાગ,

ઠરાવ ક્રમાંક : પવસ-૧૨૯૦-૨૨૨૨-ગ. ૪

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી મે, ૧૯૯૩.

**વંચાણે લીધો :--** આ વિભાગનો તા. ૧૧--૧૨--૮૬નો ઠરાવ ક્ર: પવસ--૧૩૮૬--(૧)--ગ. ૫

**ઠરાવ**

સીધી ભરતીની નિમણૂંકોમાં આ વિભાગના તા. ૧૧--૧૨--૮૬ના ઉપરોકત ઠરાવ હેઠળ જે લાભ અનુસૂચિત જાતિઓ/અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારોને આપવામાં આવ્યો છે, તેવો જ લાભ સીધી ભરતીની નિમણૂંકોમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને પણ આપવાની બાબત કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. હવે આ અંગે પુખ્ત વિચારણાના અંતે સીધી ભરતીની નિમણૂંકોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના જે ઉમેદવારો ગુણવત્તાના ધોરણે પસંદગી પામતા હોય તેમને તે વર્ગો માટેની અનામત જગ્યાઓ સામે ન ગણતાં બિનઅનામત જગ્યાઓ સામે ગણી, તે વર્ગોના ઉમેદવારો માટે નિયત થયેલ અનામતની ટકાવારી, તે વર્ગોના ગુણવત્તાના ધોરણે પસંદગી પામતા ઉમેદવારો ઉપરાંત લાગુ પાડવાનું આથી સરકાર ઠરાવે છે.

૨. સચિવાલયના વહીવટી વિભાગોને તેઓની હેઠળના નિગમો/બોર્ડો/સરકારી સાહસો, સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ અને આવી અન્ય સ્વાયત્ત સંસ્થાઓમાં પણ આ નીતિનો અમલ થાય તે જોવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**બી. કે. પરમાર,**
સંયુકત સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર,
મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગાંધીનગર,
વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગાંધીનગર
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર,
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર,
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ,
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર,
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર,
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર,
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર,
સચિવાલયના સર્વે વિભાગો,
સર્વે ખાતાના વડાઓ અને કચેરીના વડાઓ,
સર્વે કલેકટરશ્રીઓ તથા સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એ. જી. ગુજરાત, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર,
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર, અમદાવાદ/ગાંધીનગર,
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,
સર્વે માન્ય એસોસીએશનો,
સિલેકટ ફાઈલ

*પત્ર દ્વારા